| GJSK060005772026 | દાખલ તારીખ | :– | ૦૬/૦૪/૨૦૨૬ | | |
|---|---|---|---|---|---|
| | રજીસ્ટર થયા તારીખ | :– | ૦૬/૦૪/૨૦૨૬ | | |
| | ફેસલ તારીખ | :– | ૦૮/૦૬/૨૦૨૬ | | |
| | સમયગાળો | :– | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૦ | ૦૨ | ૦૪ |

**–:: નમૂનો–અ ::–**

सत्यमेव जयते

**મે.વિજયનગરના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, જિ.સાબરકાંઠા**

**ચુકાદાની તા.૦૮/૦૬/૨૦૨૬**

**ફોજદારી કેસ નં.૫૨૯/૨૦૨૬**

**આંક:–**

**ગુન્હાની વિગત**

| | |
|---|---|
| ગુન્હાની કલમ | ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૩(૨) મુજબ... |
| પ્રથમ માહિતી અહેવાલ નં. | ૧૧૨૦૯૦૫૭૨૫૦૦૦૨/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | ચિઠોડા પોલીસ સ્ટેશન |
| ફરીયાદપક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | વિ. એ. પી. પી. શ્રી એન. કે. ગઢવી |
| આરોપીપક્ષ | **અજયકુમાર નગજીભાઇ નિનામા**<br>ઉ.વ.આ.૩૦, ધંધો–મજૂરી,<br>રહે–ગાડી, તા.વિજયનગર,<br>જિ.સાબરકાંઠા |
| રજુઆત | વિ. વ. શ્રી એમ. એસ. ભગોરા |

**-:: નમૂનો-બ ::-**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૦૪/૦૧/૨૦૨૫ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૦૫/૦૧/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૦૬/૦૪/૨૦૨૬ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યા તારીખ | ૦૬/૦૪/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયા તારીખ | ૦૨/૦૫/૨૦૨૬ |
| ચુકાદો મુલત્વી રાખ્યાની તારીખ | ૦૮/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૮/૦૬/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | -- |

**-:: આરોપીની વિગત ::-**

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | કયાં ગુન્હા હેઠળ ચાર્જફ્રેમ થયેલ છે. | શું દોષી/ નિર્દોષ | સજાની વિગ ત | ટ્રાયલ દરમ્યાન યુ.ટી.પી. રહેલ સમય ગાળો સી. આર. પી.સી. ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **અજયકુમાર નગજીભાઇ નિનામા** | ૦૮/૦૯ /૨૦૨૫ | ૦૮/૦૯ /૨૦૨૫ | ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૩૦૩(૨) મુજબ | **નિર્દોષ** | -- | -- |

**-:: નમૂનો-ક ::-**

**એ. ફરીયાદપક્ષ તરફે સાહેદો:-**

| **ક્રમ** | **આંક** | **સાહેદનું નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| (૧) | ૦૮ | જગદીશભાઇ તુલસીદાસ મોઢ પટેલની જુબાની | ફરીયાદી |

**બી. ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો :-**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૦૯ | અસલ ફરીયાદ |
| (૨) | ૧૦ | ગુન્હાવાળી જગ્યાનું અસલ પંચનામુ |
| (૩) | ૧૧ | મુદ્દામાલ રીકવર કર્યાનું અસલ પંચનામુ |

**સી. આરોપીપક્ષ તરફે સાહેદો :-**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| -- | --નીલ-- | --નીલ-- |

**ડી. આરોપીપક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો:-**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| -- | --નીલ-- | --નીલ-- |

**ઈ. કોર્ટ પક્ષ તરફે સાહેદો :-**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| -- | --નીલ-- | --નીલ-- |

**એફ. કોર્ટ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો:-**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| -- | --નીલ-- | --નીલ-- |

**-: ઠરાવ :-**

**ફરીયાદપક્ષની ટુંકી વિગત :-**

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૦૪/૦૧/૨૦૨૫ ના રોજ કલાક ૧૩/૦૦ વાગે મોજે દઢવાવ ગામે આ કામના ફરીયાદીનો વીવો કંપનીનો વાય૧૮ઈ મોબાઈલ જેનો આઈએમઈઆઈ૧-૮૬૭૭૨૫૦૭૫૬૦

૨૦૫૬ તથા આઇએમઇઆઇ૧–૮૬૭૭૨૫૦૭૫૬૦૨૦૪૯ જેની કિં.રૂા. આશરે ૭૦૦૦/– નો કોઇ ઇસમ સ્વીચ ઓફ કરી, ચોરી કરી લઇ જઇ તપાસ દરમ્યાન પકડાઇ જઇ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૩(૨) મુજબનો ગુન્હો આ અદાલતની હકુમતમાં કરતાં આરોપી વિરૂધ્ધ ફરીયાદીએ ફરીયાદ આપતાં જે અનુસંધાને તપાસ કરનાર અમલદારે જરૂરી પંચનામા કરી, સાહેદોના નિવેદનો નોંધી આરોપી વિરૂધ્ધ ગુન્હાની તપાસ કરી હાલનું ચાર્ઝશીલ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે.

**ન્યાયિક કાર્યવાહી :–**

(૨) આ કામે આરોપીને સમન્સ કરતાં, આરોપી હાજર થયેલ અને તેમને પોલીસ પેપર્સના કાગળો મળી ગયાની ખાતરી કર્યા બાદ, આંક–૪ થી આરોપી વિરૂધ્ધ તહોમતનામું ફરમાવ્યા બાદ, આરોપીની આંક–૫ થી પ્લી વાંચી સંભળાવી, સમજાવી, નોંધતાં, આરોપીએ ગુન્હો કર્યાનો ઇન્કાર કરતાં, આરોપી સામેનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) હાલના કેસમા ફરીયાદપક્ષ તરફે તેમના કેસના સર્મથનમાં નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૧૨ થી કલોઝીંગ પુરસીસ આપી પુરાવો પુરો થયાનુ જાહેર કરેલ છે.

**(૩.૧) મૌખિક પુરાવો :–**

| ક્રમ | આંક | સાહેદનું નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| (૧) | ૦૮ | જગદીશભાઇ તુલસીદાસ મોઢ પટેલની જુબાની | ફરીયાદી |

**(૩.૨) દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૦૯ | અસલ ફરીયાદ |

| | | |
|---|---|---|
| (૨) | ૧૦ | ગુન્હાવાળી જગ્યાનું અસલ પંચનામુ |
| (૩) | ૧૧ | મુદ્દામાલ રીકવર કર્યાનું અસલ પંચનામુ |

(૪) આ કામે ફરીયાદપક્ષે ખુદ ફરીયાદીએ વિશેષ પુરાવો આપવા માંગતા નથી તેવુ પુરસીસથી જાહેર કરેલ છે. તેમજ કેસના સંજોગો વિચારણામા લેતા પોલીસ રીપોર્ટમા દર્શાવેલ અન્ય સાક્ષી તપાસવાથી પણ કેસની હકીકત નિ:શકપણે પુરવાર થઇ શકે તેવી સંભાવના ન હોય તે તમામ સંજોગોમાં, નામદાર સર્વોચ્ચ અદાલતના **૧૯૯૬(૩), ક્રાઇમ્સ, ૮૫, "સતીષ મહેરા વિ. દિલ્હી એડમિનિસ્ટ્રેશન"** **તથા** **(૨૦૦૮) ૯, એસ.સીસી., ૬૭૭, "નિખિલ મરચન્ટ વિ. સીબીઆઈ."** **તથા** **(૨૦૦૮) ૪, એસ.સીસી., ૫૮૨,"મદનમોહન વિ. સ્ટેટ ઓફ પંજાબ"** ના ચુકાદાઓમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ સિધ્ધાંત મુજબ જયારે આરોપીને તકસીરવાન ઠરાવવાની કોઈ શક્યતા જણાતી ન હોય ત્યારે, અદાલતે આવા પ્રોસીડીંગ્સ આગળ ચલાવવા ફયુટાઈલ એકસરસાઈઝ કરવી ન જોઈએ તે સિધ્ધાંત ધ્યાને લઈ ફરીયાદપક્ષનો પુરાવો પુરો કરવામાં આવેલ છે.

(૪.૧) ફરીયાદપક્ષ દવારા પુરાવો પુરો થયા બાદ આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવા જેટલો પૂરાવો ન હોય, વિશેષ નિવેદન લીધેલ નથી.

(૫) ત્યારબાદ આરોપી સામેના કેસ સંદર્ભે ફરીયાદપક્ષ તરફે વિ. એ. પી. પી.શ્રી એન. કે. ગઢવી તથા બચાવપક્ષ તરફે વિ. વ. શ્રી એમ. એસ. ભગોરાની દલીલો સાંભળી.

(૬) હાલના કેસમાં ઉપરોકત કાયદાકીય પરિસ્થિતિ, હકિકતો તથા બંને પક્ષકારો તરફથી રજુ કરવામાં આવેલ દલીલો ધ્યાને લેતાં કેસનો ન્યાયિક નિર્ણય કરવા માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીએ તા.૦૪/૦૧/૨૦૨૫ ના રોજ કલાક ૧૩/૦૦ વાગે મોજે દઢવાવ ગામે આ કામના ફરીયાદીનો વીવો કંપનીનો વાય૧૮ઈ મોબાઇલ જેનો આઇએમઈઆઈ૧–૮૬ ૭૭૨૫૦૭૫૬૦૨૦૫૬ તથા આઇએમઈઆઈ૧–૮૬૭૭૨૫૦ ૭૫૬૦૨૦૪૯ જેની કિં.રૂા. આશરે ૭૦૦૦/– નો કોઈ ઈસમ સ્વીચ ઓફ કરી, ચોરી કરી લઈ જઈ તપાસ દરમ્યાન પકડાઈ જઈ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૩(૨) મુજબ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દા અંગેના ન્યાયિક નિર્ણય નીચે મુજબ છે.

**–:: નિર્ણયો ::–**

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત મુદ્દાઓના નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે.

**–::નિર્ણયના કારણો::–**

(૯) **મુદ્દા નં.૧ :–**

(૧૦) ઉપરોકત મુદ્દાઓની સાબિતી માટે ફરીયાદપક્ષે રજુ પુરાવાની ચર્ચા અને મુલ્યાંકન નીચે મુજબ છે. આ કામના આરોપીઓ વિરૂધ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મૂળભૂત સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને જયાં સુધી આરોપીઓ સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનું રહે છે. વધુમાં ફરીયાદપક્ષ આરોપીઓ સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે ફરીયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવાના રહે છે. આમ, આ કામે આરોપીઓ સામે જયારે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૩(૨) મુજબના ગુન્હાનો આક્ષેપ છે, ત્યારે

ફરીયાદપક્ષે નીચે મુજબના આવશ્યક તત્વો રેકર્ડ પર શંકાથી પર સાબિત કરવાના રહે છે.

<u>Section 303(2) of the Bharatiya Nyaya Sanhita (BNS)</u>

pertains to the offense of **Theft**. It defines the penalties and procedures for taking movable property dishonestly without consent.

**(૧૧)** આ કામે સૌ પ્રથમ કેસનો નિર્ણય કરતા પહેલા ફરિયાદ પક્ષે પોતાના કેસનાં સમર્થનમાં તપાસેલ સાહેદોની જુબાની જોવી આવશ્યક જણાતી હોય, જેની ચર્ચા નીચે મુજબ ચર્ચા કરેલ છે.

**<u>ફરીયાદીની જુબાની:-</u>**

**(૧૧.૧)** ફરીયાદપક્ષે આંક-૮ થી ફરીયાદી જગદીશભાઈ તુલસીદાસ મોઢ પટેલને સોગંદ ઉપર તપાસેલા છે. જેઓએ <u>સરતપાસમાં</u> જણાવેલ છે કે, તેઓ દઢવાવ, તા.વિજયનગર મુકામે તેઓના પરિવાર સાથે રહે છે અને ધનલક્ષ્મી નામની દુકાન રાખી નોવેલ્ટીનો વેપાર કરે છે. ગઈ તારીખ : ૦૪/૦૧/૨૦૨૫ના રોજ તેઓના કુટુંબી ભાભી પુષ્પાબેન ગુજરી ગયેલા હોઈ તેઓના બેસણામાં ગયેલ હતા અને તે વખતે તેઓનો વિવો કંપનીનો વાય-૧૯-ઈ મોબાઈલ ફોન તેઓની પાસે પેન્ટના ખિસ્સામાં રાખેલ હતો, સદરહુ <u>બેસણાની વિધિ પતી ગયા બાદ બપોરના એક વાગ્યાના સુમારે ચાલતો તેઓ પોતાના ઘરે જવા નીકળેલ તે વખતે તેઓના ખિસ્સામાં રાખેલ આ તેઓનો મોબાઈલ ફોન કયાંક પડી જવાથી ગુમ જવા પામેલ.</u> ત્યાર બાદ તેઓએ તેમના મોબાઈલ ફોનની શોધખોળ કરેલી પરંતુ તે તેઓને મળી આવેલ નહીં, તેઓનો મોબાઈલ ફોન વિવો કંપનીનો વાય-૧૯-ઈ હતો, જેનો ઈ.એમ.આઈ.ઈ.નં.867725075602056 આવેલ છે તથા સીમકાર્ડ/મોબાઈલ નંબર:૮૧૪૧૧૮૦૮૮૪ આવેલ છે, જે તેઓનો મોબાઈલ ફોન ગુમ થઈ ગયેલ હોઈ તેઓએ આ અંગેની પોલીસ ફરીયાદ પોલીસ ચિઠોડા પોલીસ સ્ટેશને આપેલી. જે અસલ ફરીયાદ તેઓએ પોતાની સહી ઓળખી બતાવેલ છે. જેને આ કામે આંક-૦૯ થી રજુ છે. તેઓને તેમનો ખોવાયેલ મોબાઈલ ફોન

હાલમાં મળી ગયેલ છે. આ તેમનો મોબાઈલ ફોન કોણ ચોરી કરી લઈ ગયેલ, તે અંગે તેઓ કંઈ જાણતા નથી અને આજદિન સુધી પણ તેઓને તે અંગેની કાંઈ ખબર પડેલી નથી. આ બાબતે તેઓને કોઈ વ્યકિત ઉપર શંકા કે વહેમ નથી. આરોપી કોર્ટમાં હાજર છે, તેને ઓળખતા નથી.

સદરહુ ફરીયાદીની આરોપીપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, અજયકુમાર નગજીભાઇ નિનામાનાઓ તેઓનો મોબાઇલ ફોન ચોરી કરી લઇ ગયેલા હોય તેવું બનેલ નથી. પોલીસે તેઓની હાજરીમાં કોઇ ઓળખ પરેડ કરાવેલ હોય તેવું પણ બનેલ નથી.

(૧૨) આ કેસના ન્યાયિક નિર્ણય માટે જે મુદ્દાઓ ઘડવામાં આવ્યા છે તે તથા ઉપરોકત રજુ પુરાવાઓ જે હકીકતો સાથે સંકળાયેલા છે, તે હકીકતો સાબિત થઈ છે કે કેમ, તે અંગે પુરાવાનું વિશ્લેષણ અને મૂલ્યાંકન શરૂ કરતા પહેલા ભારતીય પુરાવા અધિનિયમના સિદ્ધાંતો અને કાયદાકીય જોગવાઈઓ નોંધવી આવશ્યક છે, જે નીચે મુજબ છે.

- **કઈ બાબતનો પુરાવો આપી શકાય**

કઈ બાબતનો પુરાવો આપી શકાય તે માટે સૌપ્રથમ ભારતીય પુરાવા અધિનિયમની કલમ-5 જોવી જરૂરી છે, જે નીચે મુજબ છે.

Evidence may be given of facts in Issue and relevant facts. Evidence may be given in any suit or proceeding of the existence or non-existence of every fact in issue and of such other facts as are hereinafter declared to be relevant, and of no others.

આ જોગવાઈ પ્રમાણે પુરાવો Fact In Issue માટેનો અથવા તો Relevant હકીકતો માટેનો જ આપી શકાય બીજી કોઈ બાબતનો પુરાવો આપી શકાય નહીં.

ભારતીય પુરાવા અધિનિયમ પ્રમાણે એક હકીકત, બીજી હકીકત સાથે Relevant ત્યારે કહી શકાય, જ્યારે **ભારતીય પુરાવા**

**અધિનિયમની કલમ 5 થી 55 મુજબ** તેને સુસંગત ગણવામાં આવી હોય.

- **જજમેન્ટનો આધાર :**

વળી, કોઈપણ વિવાદનું જજમેન્ટ શાના આધારે આપવું જોઈએ, તે બાબતે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–165 ના પ્રોવાઇઝોની જોગવાઈ ધ્યાન પર લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે.

"Provided that the judgment must be based upon facts declared by this Act to be relevant, and duly proved:" આ જોગવાઈ પ્રમાણે જજમેન્ટ માત્ર Proved relevant facts પર જ આધારિત હોવું જોઈએ. તેથી હવે પછી હકીકતોનું મૂલ્યાંકન Fact In Issue અને Relevant Fact જે પુરવાર કરવામાં આવી છે તે માટે જ કરવામાં આવ્યું છે.

**(૧૩) રજુ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન:–**

ઉપરોકત પુરાવાનું બારીકાઈથી મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદપક્ષે ફરીયાદી ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય તથા ફરીયાદપક્ષે ખુદ ફરીયાદીએ આંક–૧૨ થી કલોજીંગ પુરસીસ આપેલ છે જેથી વધુ સાહેદ તપાસવાથી પણ કેસના ગુણદોષમાં કોઈ ફરક પડે તેમ ન હોય વધુ સાહેદ તપાસવામાં આવેલ નથી. જેથી આ કામના ફરીયાદીની કોર્ટ રૂબરૂની જુબાનીનું મુલ્યાંકન કરતા તેઓ બનાવને સમર્થનકારી કોઈ માહીતી ધરાવતા હોય તેવું જણાઈ આવતું નથી. ફરીયાદીએ સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, તેઓ પોતાના ઘરે જવા નીકળેલ તે વખતે તેઓના ખિસ્સામાં રાખેલ તેઓનો મોબાઈલ ફોન કયાંક પડી જવાથી ગુમ જવા પામેલ.તેમજ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, અજયકુમાર નગજીભાઇ નિનામાનાઓ તેઓનો મોબાઇલ ફોન ચોરી કરી લઇ ગયેલા હોય તેવું બનેલ નથી. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે,પોલીસે તેઓની હાજરીમાં કોઇ ઓળખ પરેડ કરાવેલ હોય તેવું પણ બનેલ નથી.

આમ, ઉપરોકત રજુ થયેલ તમામ પુરાવા તથા ફરીયાદીની જુબાની જોતા ફરીયાદીએ મોબાઇલ ફોન ચોરી થયાનું નહી પણ ગુમ થયાનું સ્વીકારેલ છે.જેથી આરોપીને બી.એન.એસ.કલમ–૩૦૩(૨) હેઠળ તકસીરવાન ઠરાવી શકાય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર રજુ થયેલ નથી. ઉપરોકત તમામ સંજોગોમાં આ કામે ફરીયાદપક્ષ આરોપી સામેનો બી.એન.એસ. કલમ–૩૦૩(૨) મુજબનો ગુન્હો સાબિત કરવામાં સદતંર નિષ્ફળ નિવડેલા છે.

(૧૪) આમ, રજુ થયેલ સમગ્ર પુરાવો જોતાં, ફરીયાદપક્ષ ફરીયાદ હકીકતને સમર્થન આપતો હોય, તેવો લેશમાત્ર પુરાવો ફરીયાદપક્ષે તપાસેલ ફરીયાદી તેમની જુબાનીમાં જણાવતા નથી. આમ, સમગ્ર રીતે જોતાં ફરીયાદ પક્ષ આરોપી સામેનો કેસ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોય, જેથી ઉપરોકત કરેલ ચર્ચાઓ મુજબ ફરીયાદપક્ષ આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૩ (૨) મુજબના ગુનાનો આક્ષેપ પુરવાર કરી શકેલ ન હોય, **મુદ્દા નં.૧** નો જવાબ "**નકારમાં**" આપીને **મુદ્દા નં.૨** અંગે નીચે મુજબનો "**આખરી હુકમ**" ફરમાવવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

(૧) આ કામના આરોપી અજયકુમાર નગજીભાઈ નિનામા, ઉ.વ.આ.૩૦, રહે–ગાડી, તા.વિજયનગર, જિ.સાબરકાંઠા નાઓને ભારતીય ન્યાય સંહિતાની કલમ, ૨૦૨૩ની કલમ–૩૦૩(૨) મુજબના શિક્ષાપાત્ર ગુન્હાના તહોમતમાંથી શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

(૨) આરોપીએ ધી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ–૪૮૧ અન્વયે અપીલ સમય સુધીના રૂ.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા)ના જામીન તથા જાતમુચરકા રજુ કરવાનો હુકમ કરવામા આવે છે.

(૩) મુદ્દામાલનો વચગાળાનો હુકમ કરેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે અને જો હુકમ ના કરેલ હોય તો મુદ્દામાલ

માલિકીની ખરાઇ કરી મૂળ માલિકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ:૦૮, માહે:જુન, સને:૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૦૮/૦૬/૨૦૨૬
મુ. વિજયનગર

**(ભાવેશ ચંદુલાલ વાજા)**
જયુડી.મેજી. ફ.ક., વિજયનગર
(જજ કોડ નં.જીજે૦૧૭૪૧)

//A.A.P.//